


# શ્રીરામ કેમિકલ્સ એન્ડ એલ્કલી, ભરૂચને ક્લોર-એલ્કલી સેક્ટરમાં એનર્જી સર્ટીફિકેટ મળ્યા

**ભરૂચ, તા.૧૬**

ડીસીએમ શ્રીરામ લિમિટેડનું મેન્યુફેક્ચરિંગ યુનિટ શ્રીરામ કેમિકલ્સ એન્ડ એલ્કલી, ભરૂચને ભારત સરકારના ઉર્જા દક્ષતા બ્યૂરો, પાવર મંત્રાયલથી ક્લોર-એલ્કલી સેક્ટરમાં મોટી સંખ્યામાં એનર્જી સર્ટિફિકેટ્સ હાંસલ કરવા માટે પર્ફોર્મન્સ અચીવ એન્ડ ટ્રેડ સાઇકલ-૧ માં બેસ્ટ અચીવરનું સમ્માન આપવામાં આવ્યું છે.

દેશભરમાં ૨૩ પ્લાન્ટ્સ પીએટી સાઇકલ - ૧ માં કવર કરવામાં આવ્યા. આમાંથી શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સ ભરૂચને મૂલ્યાંકન વર્ષ ૨૦૧૪-૧૫માં વિશેષ ઉર્જા વપરાશમાં ૧૭.૯ ટકાની કપાત નોંધાવી છે, જ્યારે પ્લાન્ટના ૬.૭૮ ટકાના લક્ષ્યને હાંસલ કર્યો હતો. આ રીતે ભરૂચ પ્લાન્ટે નક્કી લક્ષ્યથી વધુ આ ઉપલબ્ધિને હાંસલ કર , જે માટે પ્લાન્ટને ૧૨,૨૨૩ ઇ-સર્ટિફિકેટ મળ્યા છે. આની સાથે શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સ ભારતનું એકમાત્ર પ્લાન્ટ બની ગયું છે જેને વધુમાં વધુ સંખ્યામાં ઇ-સર્ટિફિકેટ્સથી સમ્માનિત કરવામાં આવ્યું છે.

ડીસીએમ શ્રીરામ લિમિટેડના ચેરમેન અને સિનિયર મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિક્રમ શ્રીરામે કહ્યું કે, ડીસીએમ શ્રીરામ લિમિટેમાં અમે નીતિઓને ખાસ મહત્વ આપીએ છીએ, આ અમારી સામૂહિક કાર્યપ્રણાલીનું અભિન્ન અંગ છે. શ્રીરામ કેમિકલ્સ એન્ડ એલ્કલી પ્લાન્ટને મોટી સંખ્યામાં ઇ-સર્ટિફિકેટ મળવું આ દિશામાં અમારા સતત પ્રયાસોની ખાતરી પુરાવે છે.

શ્રી નવીન જયસવાલ - જનરલ મેનેજર (ઓપરેશન્સ એન્ડ ટેક) તથઆ શ્રી શૈલેન્દ્ર તિવાર, ડિપ્યુટી જનરલ મેનેજર (પ્રોસેસ) એ ભારત સરકારના પાવર મંત્રાલયના ડિરેક્ટર જનરલ બીઇઇ શ્રી અભય બાકરેના હસ્તે ટ્રોફી અને પુરસ્કાર પ્રાપ્ત કર્યો.